# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 13-04-2025** **Day: Sunday** **Morning : 6.50 to 6.55am**

આકાશવાણી ભુજ સમાચાર **તૌફિક સમા** વાંચે છે.

---

## સુપ્રીમ કોર્ટ ચુકાદો

સુપ્રીમ કોર્ટે ચુકાદો આપ્યો છે કે રાષ્ટ્રપતિએ રાજ્યપાલો દ્વારા રાષ્ટ્રપતિની સંમતિ માટે અનામત રાખેલા રાજ્ય બિલો પર ત્રણ મહિનાની અંદર નિર્ણય લેવો જોઈએ. સર્વોચ્ચ અદાલતે તમિલનાડુના રાજ્યપાલ આર.એન. રવિના 10 પેન્ડિંગ બિલોને મંજૂરી રોકવાના નિર્ણયને રદ કર્યો હતો અને આ પ્રક્રિયામાં, ચુકાદો આપ્યો હતો કે રાષ્ટ્રપતિએ રાજ્યપાલો દ્વારા ઉલ્લેખિત બિલો પર નિર્ણય લેવામાં ત્રણ મહિનાથી વધુ સમય ન લેવો જોઈએ.

---------------------------------------------------------------------------------------

## ઇટાલીના વિદેશપ્રધાનની મુલાકાત

ઇટાલીના નાયબ વડા પ્રધાન અને વિદેશ પ્રધાન એન્ટોનિયો તાજાનીએ ગઈકાલે નવી દિલ્હીમાં રાષ્ટ્રપતિ ભવનમાં રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ સાથે મુલાકાત કરી હતી. મુલાકાત દરમિયાન, રાષ્ટ્રપતિએ કહ્યું કે ભારત અને ઇટાલી વચ્ચે દ્વિપક્ષીય વેપાર અને રોકાણમાં વૃદ્ધિની મોટી સંભાવનાઓ છે. તેમણે ભાર મૂક્યો કે ભારતનો ઝડપી આર્થિક વિકાસ અને 2047 સુધીમાં 'વિકસિત ભારત' માટેનો રોડમેપ ઔદ્યોગિક ભાગીદારી અને સહયોગ માટે અસંખ્ય તકો રજૂ કરે છે.

---------------------------------------------------------------------------------------

## રાષ્ટ્રપતિની વૈશાખીની શુભેચ્છા

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ વૈશાખી, વિશુ, બોહાગ બિહુ, પોઈલા વૈશાખ, મેશાદી, વૈશાખાડી અને પુથંડુ પીરાપુની પૂર્વ સંધ્યાએ નાગરિકોને શુભેચ્છાઓ પાઠવી છે. તેમના સંદેશમાં, રાષ્ટ્રપતિએ કામના કરી છે કે આ જીવંત તહેવારો લોકોને રાષ્ટ્રના વિકાસ માટે પ્રતિબદ્ધતા અને સમર્પણ સાથે કામ કરવા પ્રેરણા આપે. તેમણે ભાર મૂક્યો કે ભારતના વિવિધ ભાગોમાં લણણીની મોસમ દરમિયાન ઉજવાતા આ તહેવારો દેશની સમૃદ્ધ સામાજિક પરંપરાઓ અને વિવિધતામાં એકતાનું પ્રતીક છે.

રાષ્ટ્રપતિએ કહ્યું કે આ તહેવારો દ્વારા, રાષ્ટ્ર દેશના 'અન્નદાતા' ખેડૂતોની મહેનતનું સન્માન કરે છે અને તેમના પ્રત્યે કૃતજ્ઞતા વ્યક્ત કરે છે. તેમણે ઉમેર્યું કે આ તહેવારો પ્રકૃતિના સંરક્ષણ અને દેશના સાંસ્કૃતિક વારસાનું રક્ષણ કરવાનો સંદેશ પણ આપે છે.

---

## યુસીસી-બેઠક

નવી દિલ્હીના ગુજરાત ભવન ખાતે ગુજરાતની યુનિફોર્મ સિવિલ કોડ સમિતિના અધ્યક્ષ નિવૃત્ત ન્યાયમૂર્તિ રંજના પ્રકાશ દેસાઈના અધ્યક્ષ સ્થાને યુનિફોર્મ સિવિલ કોડના અમલીકરણ સંદર્ભે મુસ્લિમ હિત રક્ષક સમિતિ અને શ્રી દિલ્હી ગુજરાતી સમાજ એમ બંને પ્રતિનિધિમંડળો સાથે બેઠક યોજાઈ હતી.

બેઠકના પ્રથમ તબક્કામાં ગુજરાતની યુ.સી.સી. સમિતિએ મુસ્લિમ હિત રક્ષક સમિતિના 18 જેટલાં પ્રતિનિધિઓ સાથે વિવિધ વિષયો પર પરામર્શ કર્યો હતો. જેમાં રાજ્યના વિષય પર કાયદો બનાવવાના અધિકારક્ષેત્ર, બંધારણમાં સમાવિષ્ટ મૂળભૂત અધિકારો અને બંધારણની કલમ ૪૪ કે જે રાજ્યનીતિના માર્ગદર્શક સિદ્ધાંતોનો ભાગ છે જેવા અનેક મુદ્દાઓ પર મુસ્લિમ હિત રક્ષક સમિતિના પ્રતિનિધિઓ દ્વારા યુ.સી.સી. સમિતિ સમક્ષ મંતવ્યો રજૂ કરવામાં આવ્યા હતાં. વધુમાં આ પ્રતિનિધિઓએ ૧૫મી એપ્રિલ,૨૦૨૫ પહેલાં પોતાની વિગતવાર લેખિત રજૂઆત યુ.સી.સી. સમિતિને આપવામાં આવશે તેમ જણાવ્યું હતું.

જ્યારે, બેઠકના બીજા તબક્કામાં ગુજરાતની યુ.સી.સી. સમિતિએ દિલ્હી ગુજરાતી સમાજના ૧૪ જેટલાં પ્રતિનિધિઓ સાથે સંવાદ કરી યુ.સી.સીના અમલીકરણ અંગે તેઓના મંતવ્યો જાણ્યા હતાં.

---

## કુમુદિની લાખિયા-નિધન

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ અને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ભારતીય શાસ્ત્રીય નૃત્યાંગના અને પદ્મ પુરસ્કાર વિજેતા કુમુદિની લાખિયાના નિધન પર શોક વ્યક્ત કર્યો છે.

ઉલ્લેખનીય છે કે તેમને તાજેતરમાં જ પદ્મ વિભૂષણ પુરસ્કાર જાહેર કરાયો હતો. તેમનો જન્મ 17 મે 1930ના રોજ થયો હતો. તેમણે 1967માં અમદાવાદમાં કદમ્બ સ્કૂલ ઑફ ડાન્સ ઍન્ડ મ્યુઝિકની સ્થાપના કરી હતી જે ભારતીય નૃત્ય અને સંગીતને સમર્પિત એક સંસ્થા છે. કથક ક્ષેત્રે નવતર પ્રયોગોનો શ્રેય તેમના ફાળે જાય છે.

---

## આઇપીએલ-ક્રિકેટ

લખનઉના એકાના સ્ટેડિયમ ખાતે રમયેલી આઈપીએલની મેચમા ગુજરાત સતત ચાર જીત બાદ મેચ હારી ગયું. લખનઉ સુપરજાયન્ટ્સે ગુજરાત ટાઇટન્સને 6 વિકેટે હરાવ્યું. ગુજરાતે 6 વિકેટ ગુમાવીને 180 રન બનાવ્યા. જવાબમા લખનઉએ 20મી ઓવરમાં માત્ર 4 વિકેટ ગુમાવીને લક્ષ્ય પ્રાપ્તકરી લીધો હતો.  નિકોલસ પૂરને 61 અને એડન માર્કરમે 58 રન બનાવ્યા હતા. શાર્દૂલ ઠાકુર અને રવિ બિશ્નોઈએ 2-2 વિકેટ લીધી હતી.ગુજરાત તરફથી સાઈ સુદર્શને 58 અને કેપ્ટન શુભમન ગિલે 60 રન બનાવ્યા. પ્રસિદ્ધ ક્રિષ્ણાએ 2 વિકેટ લીધી હતી.

બીજી મેચમાં ટીમે પંજાબ કિંગ્સ સામે 246 રનના લક્ષ્યને 2 વિકેટ ગુમાવીને 18.3 ઓવરમાં જ સનરાઈઝર્સ હૈદરાબાદે IPL ઇતિહાસનો બીજો સૌથી મોટો રનનો લક્ષ્યાંક પ્રાપ્ત કર્યો છે. ટીમના ઓપનર અભિષેક શર્માએ પહેલી સદી ફટકારી. તેણે 55 બોલમાં 141 રન કાર્યા હતા..

---

## બીએસએફ દ્વારા ધાર્મિક કાર્યક્રમ

ભુજ તાલુકાના બેડીયા બેટ સ્થિત પ્રસિદ્ધ વીર હનુમાન મંદિરે બોર્ડર સિક્યુરિટી ફોર્સ (BSF) દ્વારા ભવ્ય ધાર્મિક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં BSFના 250 જેટલા જવાનોએ ભાગ લીધો હતો. આ કાર્યક્રમમાં સુંદરકાંડ પાઠનું આયોજન કરવામાં આવ્યું. સ્થાનિક લોકોએ પણ મોટી સંખ્યામાં હાજરી આપી હતી. આ આયોજનનો ઉદ્દેશ લોકજાગૃતિ ફેલાવવાનો હતો..

---